# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## તા. 07/10/2021ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની બેઠક **તા. 07-10-2021 ને ગુરુવારના** રોજ બપોરે **12-00** વાગ્યે આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં પરિસંવાદ ખંડ, મ.દે. સમાજસેવા સંકુલ / ઓનલાઇન મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

(1) ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી : અધ્યક્ષશ્રી (કુલનાયક, ગૂ.વિ., અમદાવાદ)

(2) ડૉ. જશવંતભાઈ પંડ્યા : સભ્યશ્રી (ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(3) ડૉ. ભરતભાઈ જોશી : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા, અમદાવાદ)

(4) ડૉ. પુનિતાબહેન હર્ણે : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(5) ડૉ. શ્રીનિવાસ મૂર્તિ : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)

(6) ડૉ. ધીરેનભાઈ પટેલ : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(7) ડૉ. પ્રેમ આનંદ મિશ્ર : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, ગાંધીદર્શન વિભાગ, ગાંધી અધ્યયન વિદ્યાશાખા, અમદાવાદ)

(8) ડૉ. જગદીશચંદ્ર સાવલિયા : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(9) ડૉ. મુંજાલ ભીમડાદકર : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ડીન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(10) ડૉ. સંજયભાઈ મકવાણા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(11) ડૉ. હસમુખભાઈ દેસાઈ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(12) ડૉ. અરુણભાઈ ગાંધી : સભ્યશ્રી (કા. વિભાગીય અધ્યક્ષ, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(13) ડૉ. આનંદીબહેન પટેલ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(14) ડૉ. કનૈયાલાલ નાયક : સભ્યશ્રી, (વિભાગીય અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ.)

(15) ડૉ. રાજીવભાઈ પટેલ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, રાંધેજા; અને સંયોજકશ્રી, મ.દે. રાંધેજા.)

(16) ડૉ. વિનોદભાઈ પાંડેય : સભ્યશ્રી (પ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(17) ડૉ. નિરજભાઈ શેઠ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)

(18) ડૉ. નિમિષાબહેન શુક્લ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, અમદાવાદ, અને સંયોજક, IQAC ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

(19) ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યા : સભ્યશ્રી ( પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(20) ડૉ. લાલજીભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(21) ડૉ. ડાહ્યાભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(22) ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(23) ડૉ. છનાલાલ ભિંસરા : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(24) ડૉ. દિપુબા દેવડા : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(25) ડૉ. સિતારામભાઈ દેશમુખ : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(26) ડૉ. કમલેશભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, અને સંયોજકશ્રી મ.દે. અમદાવાદ.)

(27) ડૉ. નિરજભાઈ સિલાવટ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(28) ડૉ. જગદીશચંદ્ર ગોઠી : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(29) ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(30) ડૉ. વિજયભાઈ મકવાણા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(31) ડૉ. ગીતાબહેન પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(32) ડૉ. અશ્વિનભાઈ ચૌહાણ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(33) ડૉ. અજયભાઈ પરીખ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(34) ડૉ. બંકીમચંદ્ર વસૈયા : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, સમાજકાર્ય વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(35) શ્રી ઉષાબહેન પટેલ : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, ગૃહવિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)

(36) શ્રી કમલેશભાઈ સાળુંકે : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાંગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(37) ડૉ. રમેશભાઈ પટેલ : આમંત્રિત સભ્યશ્રી (સંયોજક, મ.દે. ગ્રામસેવા સંકુલ, સાદરા)

(38) ડૉ. નિખિલ ભટ્ટ : સચિવશ્રી (કા. કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.)

શ્રી પીયૂષભાઈ શાહ, કા. પરીક્ષા નિયામક, પરીક્ષા વિભાગ તથા વિદ્યાકીય શાખા તરફથી ઇ. મદદનીશ કુલસચિવ શ્રી કૌશિકભાઈ પટેલ અને વિભાગીય અધિકારી શ્રી હેમંતભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

કાર્ય-1 તા. 22-6-2021, તા. 13-07-2021 અને તા. 04-09-2021ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવા. (પરિશિષ્ટ-1)

ઠરાવ-1 તા. 22-6-2021, તા. 13-07-2021 અને તા. 04-09-2021ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-2 "કુલપતિ ડૉ. જયેશભાઈ જશવંતરાય દેસાઈ રજતચંદ્રક" (બી.એ. અર્થશાસ્ત્ર) નામાભિધાનમાંથી "કુલપતિ" શબ્દ રદ કરવા કા. પરીક્ષા નિયામકશ્રીની નોંધ બાબત.

ઠરાવ-2 "કુલપતિ ડૉ. જયેશભાઈ જશવંતરાય દેસાઈ રજતચંદ્રક" (બી.એ. અર્થશાસ્ત્ર) નામાભિધાનમાં "ડૉ. જયેશભાઈ જશવંતરાય દેસાઈ રજતચંદ્રક" (પૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) એમ સુધારો કરવાનું ઠરાવવામાં આવ્યું. તેની જાણ દાતાને મંજૂર હોય તેની ખાતરી કરવી.

કાર્ય-3 સડસઠમા પદવીદાન સમારંભ દરમ્યાન એનાયત થનારી પદવીઓ તથા પારિતોષિકોને બહાલી આપવા માટે ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાપીઠના નિયામક મંડળ, ઉચ્ચશિક્ષણ (બોર્ડ ઑફ મેનેજમેન્ટ) અને ટ્રસ્ટીમંડળને ભલામણ કરવા બાબત. (પરિશિષ્ટ-2,3)

ઠરાવ-3 સડસઠમા પદવીદાન સમારંભ દરમ્યાન એનાયત થનારી પદવીઓ તથા પારિતોષિકોને બહાલી આપવા માટે ગૂજરાત વિદ્યાપીઠના નિયામક મંડળ, ઉચ્ચશિક્ષણ (બોર્ડ ઑફ મેનેજમેન્ટ) અને ટ્રસ્ટીમંડળને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 તા. 15-07-2021ના રોજ મળેલી "પારિતોષિક તબદીલ કરવા અંગેની સમિતિ"નો અહેવાલ. (પરિ.-4)

ઠરાવ-4 તા. 15-07-2021ના રોજ મળેલી "પારિતોષિક તબદીલ કરવા અંગેની સમિતિ"ના અહેવાલને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5 તા. 22-02-2020ની બૉર્ડ ઑફ મેનેજમેન્ટની બેઠકના ઠરાવ ક્રમ-2 મુજબ રચાયેલી "પદવી અને પારિતોષિકના ગુણવત્તાનાં ધોરણો અંગેની સમિતિ"ના અહેવાલ બાબત. (પરિશિષ્ટ-5)

ઠરાવ-5 તા. 22-02-2020ની બૉર્ડ ઑફ મેનેજમેન્ટની બેઠકના ઠરાવ ક્રમ-2 મુજબ રચાયેલી "પદવી અને પારિતોષિકના ગુણવત્તાનાં ધોરણો અંગેની સમિતિ"ના અહેવાલને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-6 તા. 22-06-2021ની વિદ્યાસભાના ઠરાવ-8 મુજબ રચાયેલી "વિવિધ ફીના માળખામાં ફેરફાર અંગેની સમિતિ"ની ભલામણને તા. 01-08-2021થી લાગુ કરવા આ. કુલનાયકશ્રીએ વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ આપેલી મંજૂરી બાબત.

ઠરાવ-6 તા. 22-06-2021ની વિદ્યાસભાના ઠરાવ-8 મુજબ રચાયેલી "વિવિધ ફીના માળખામાં ફેરફાર અંગેની સમિતિ"ની ભલામણને તા. 01-08-2021થી લાગુ કરવા આ. કુલનાયકશ્રીએ વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ આપેલી મંજૂરીને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું. પીએચ.ડી., એમ.ફિલ. તથા અન્ય ફીના ધોરણો તા. 01-08-2021થી લાગુ કરવા તથા સ્નાતક, અનુસ્નાતક, પી.જી. ડિપ્લોમા, સર્ટીફિકેટ કોર્સ માટેનું નવું ફીનું માળખું શૈક્ષણિક વર્ષ 2022થી લાગુ પાડવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-7 કોરોના રોગચાળાના કારણે ઓનલાઇન અભ્યાસ ચાલતો હોવાથી ચાલુ નોકરીએ અધૂરો અભ્યાસ પૂર્ણ કરવા દિલીપકુમાર ડામોરની તા. 21-08-2021ની અરજી બાબત.

ઠરાવ-7 કોરોના રોગચાળાના કારણે ઓનલાઇન અભ્યાસ ચાલતો હોવાથી ચાલુ નોકરીએ અધૂરો અભ્યાસ પૂર્ણ કરવા દિલીપકુમાર ડામોરની તા. 21-08-2021ની અરજી અંગે જો વિદ્યાર્થી ઉપસ્થિત રહીને અભ્યાસ કરે તો જ તેને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-8 નીચે દર્શાવેલા અભ્યાસક્રમોને આ.કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવા બાબત.

| ક્રમ | અભ્યાસક્રમ | વિભાગ / વિદ્યાશાખા | સંકુલ |
|---|---|---|---|
| 1. | બે ક્રેડિટના CBCS પાઠ્યક્રમોનો અભ્યાસક્રમ<br>1. વિકાસના માપદંડો અને રાષ્ટ્રીય આવક (બી.એ. સત્ર-6)<br>2. જાહેર અર્થશાસ્ત્રના ખ્યાલો (બી.એ. અર્થશાસ્ત્ર, રાંધેજા) | અર્થશાસ્ત્ર | સાદરા<br><br>રાંધેજા |
| | 1. Cloud Based Collaboration Tools<br>2. Data Analytical and Visualization Dashboard | કોમ્પ્યૂટર વિભાગ | અમદાવાદ |
| 2. | અહિંસક પ્રત્યાયન અભિમુખતા પાઠ્યક્રમ (નવો અભ્યાસક્રમ)<br>(ગાંધીસ્મૃતિ અને દર્શન સમિતિ, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે) | ગાંધીદર્શન વિદ્યાશાખા | અમદાવાદ |
| 3. | એમ.સી.એ. સત્ર-1,2,3 અને 5માં થયેલા સુધારા-વધારાને મંજૂરી | કોમ્પ્યૂટર વિજ્ઞાન | અમદાવાદ |

ઠરાવ-8 ઉપરોક્ત અભ્યાસક્રમોને આ.કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું. ઉપરાંત હવે પછી રજૂ થનારા અભ્યાસક્રમોને કુલનાયકશ્રી વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ મંજૂરી નહીં આપે. અભ્યાસક્રમ વિદ્યાસભામાં રજૂ કર્યા બાદ જ અમલી બનાવવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-9 નીચે મુજબના એમ.ફિલ.ના વિદ્યાર્થીઓને ત્રીજા વર્ષના મુદત વધારાને આ. કુલનાયકશ્રીએ વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ આપેલી સંમતિને બહાલી આપવા બાબત.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિષય | ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિષય |
|---|---|---|---|---|---|
| 1. | મીનાબહેન મં. રાઠોડ | શિક્ષણશાસ્ત્ર | 2. | બાલકૃષ્ણ હડિયલ | પત્રકારત્વ |
| 3. | જાગૃતિ ડા. પટેલ | ગ્રંથાલય | 4. | મહેશ્વરી બા. મકવાણા | ગ્રંથાલય |

ઠરાવ-9 ઉપરોક્ત એમ.ફિલ.ના વિદ્યાર્થીઓને ત્રીજા વર્ષના મુદત વધારાને આ. કુલનાયકશ્રીએ વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ આપેલી સંમતિને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું. ઉપરાંત મુદત વધારા અંગેની જોગવાઈઓ તપાસવા માટે નીચે દર્શાવેલ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી.

1. ડૉ. ભરતભાઈ જોશી, ડીનશ્રી, શિક્ષણવિદ્યાશાખા (સભ્ય સચિવ)
2. ડૉ. શ્રી નિવાસમૂર્તિ, ડીનશ્રી, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા
3. ડૉ. નિમિષાબહેન શુક્લ, પ્રાધ્યાપક, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, સંયોજક, IQAC

કાર્ય-10 National Institutional Ranking Framework અંગે સંયોજકશ્રી, IQACના પત્ર બાબત.

ઠરાવ-10 National Institutional Ranking Framework અંગે સંયોજકશ્રી, IQACના પત્રની નોંધ લેવામાં આવી.

કાર્ય-11 મા. ટ્રસ્ટીશ્રીઓને અભ્યાસક્રમ અને મૂલ્યાંકન સંબંધે ફેરફાર કરવા સૂચવેલ પત્રની નોંધ લેવા બાબત.

ઠરાવ-11 મા. ટ્રસ્ટીશ્રીઓને અભ્યાસક્રમ અને મૂલ્યાંકન સંબંધે ફેરફાર કરવા સૂચવેલ પત્રની નોંધ લેવામાં આવી.

કાર્ય-12 શિક્ષણ વિદ્યાશાખાના CBCS બે ક્રેડિટના અભ્યાસક્રમને બદલે એક અભ્યાસક્રમ માન્ય રાખવાના પત્ર બાબત. (પરિશિષ્ટ-6)

ઠરાવ-12 શિક્ષણ વિદ્યાશાખાના CBCS બે ક્રેડિટના અભ્યાસક્રમને બદલે એક અભ્યાસક્રમ માન્ય રાખવાના પત્રના અનુસંધાને તમામ ડીન અને વિભાગીય અધ્યક્ષોની એક બેઠક પદવીદાન સમારંભ પછી યોજવાનું અને તેનો અહેવાલ આગામી વિદ્યાસભામાં રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-13 શિક્ષણ વિદ્યાશાખાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની બેઠકોમાં પરામર્શન સમિતિમાં થયેલા સુધારા બાબત.

ઠરાવ-13 શિક્ષણ વિદ્યાશાખાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની બેઠકોમાં પરામર્શન સમિતિમાં થયેલા સુધારાને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-14 પીએચ.ડી.માં પ્રવેશ માટે ગૂજરાત વિદ્યાપીઠના એમ.ફિલ. થયેલા વિદ્યાર્થીને પ્રાધાન્ય આપવા માટે મનિષકુમાર પટેલની અરજી બાબત.

ઠરાવ-14 પીએચ.ડી.માં પ્રવેશ માટે ગૂજરાત વિદ્યાપીઠના એમ.ફિલ. થયેલા વિદ્યાર્થીને પ્રાધાન્ય આપવા માટેની અરજી અંગે ચર્ચા કરવામાં આવી અને અધિનિયમ-2018 મુજબની જોગવાઈઓ અનુસારની કાર્યવાહી ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-15 ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ કોરોના રોગચાળાના સમયમાં કરેલી કામગીરી બાબત.

ઠરાવ-15 ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ કોરોના રોગચાળાના સમયમાં કરેલી કામગીરીને અનુસંધાને તમામ વિભાગો માહિતી મોકલી આપે, તે માહિતીમાં વિદ્યાર્થીઓનું નામ અને તેમણે કરેલી કામગીરીની ટૂંકી વિગત રજૂ થાય તે પછી જ પ્રમાણપત્ર આપવાનું ઠરાવવામાં આવ્યું.

અંતે કા. કુલસચિવશ્રીએ પ્રમુખે સૌ સભ્યોનો આભાર માની સભાની કાર્યવાહી પૂર્ણ જાહેર કરી હતી.

તા. 11/10/2021

(નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ